# પૂજન ડાન્સ ઍકેડેમીનો વિશેષતાસભર ડાન્સ અને ફૅશન શો






પૂજન ફાઉન્ડેશન અને સુરક્ષા સેતુ સોસાયટીના સહયોગથી પૂજન ડાન્સ ઍકેડેમી દ્વારા મેગા ડાન્સ અને ફૅશન શો ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગુડાના ચૅરમૅન આશિષભાઈ દવે, ગાંધીનગર વિસ્તારના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જ્હા અને સુરક્ષા સેતુ સોસાયટીના પીઆઈ પી સી વાલેરા ઉપસ્થિત રહ્યા હતા. પૂજન ડાન્સ ઍકેડેમીનાં સંચાલક પ્રજ્ઞાબેન ગજ્જરની કોરિયોગ્રાફી હેઠળ તાલીમાર્થીઓ દ્વારા 'ઍરા ઑફ ડાન્સ'ની થીમ પર ભરતનાટ્યમ, કથ્થક, પરંપરાગત નૃત્યો, રાસ-ગરબા, વેસ્ટર્ન ડાન્સ, કન્ટેપરરી ડાન્સ, ફ્રી સ્ટાઈલ ડાન્સ, ઝુમ્બા ડાન્સ તેમજ 'પાવર ઑફ સ્ટ્રેન્થ' થીમ બેઝ્ડ નૃત્યો અફલાતૂન રીતે પ્રસ્તુત કરવામાં આવ્યાં હતાં. ૩ વર્ષની વયથી માંડીને ૬૦ વર્ષની વય સુધીના ૧૫૦ જેટલા કલાકારોના કાફલાએ આ સુંદર શોની પ્રસ્તુતિ કરી હતી, જે સૌને શોના અંત ભાગમાં પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. રૂપેશભાઈ ગજ્જર દ્વારા સમગ્ર સોનું સ્ક્રીન પર લાઈવ સ્ટ્રીમીંગ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કલાકારોને પ્રોત્સાહન આપવા માટે નિમેષભાઈ રાવલ, લાયન્સ તથા લાયોનેસ ક્લબ પરિવાર, જશુબેન ઠક્કર, સુથાર સમાજના પ્રમુખ બિપીનભાઈ મિસ્ત્રી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ માટે આપણું ફાઉન્ડેશનનો સહયોગ પ્રાપ્ત થયો હતો. માત્ર સુંદર નૃત્યો એ જ આ કાર્યક્રમની વિશેષતા નહોતા બની રહ્યાં. એ ઉપરાંત પણ કાર્યક્રમમાં વિશેષ બાબતો હતી. જેમ કે ક્રિષ્ના વૃધ્ધાશ્રમનાં વડીલોને આ કાર્યક્રમમાં નોતરવામાં આવ્યા હતા અને તેમનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. શિવમ અનાથાશ્રમનાં બાળકોએ પ્રસ્તુત કરેલો 'બેટી બચાવો' થીમ ડાન્સ અને અંબા ઍન્જલ્સનાં દિવ્યાંગ બાળકોએ પ્રસ્તુત કરેલો ફૅશન શો સૌને ભરપૂર મનોરંજન આપી ગયો હતો. ઉપરાંત, સરકારી સ્કૂલની બાળાઓને ડાન્સની તાલીમ આપીને અહીં પરફોર્મન્સની તક પૂરી પાડવામાં આવી હતી. પૂજન ફાઉન્ડેશનના પ્રમુખ રૂપેશભાઈ ગજ્જર, મંત્રી મીત ગજ્જર અને પ્રજ્ઞાબેન ગજ્જરની જહેમત રંગ લાવી હતી, જેના કારણે આ સમગ્ર શો સફળતાને વર્યો હતો અને તેણે પ્રેક્ષકોની ભરપૂર સરાહના પ્રાપ્ત કરી હતી.

## ડાયરેક્ટ ❤ સે

કોઈના દુખે
દુખી થવાનું
તો અઘરું જ છે
પણ એનાથીય
અઘરું છે
કોઈના સુખે
સુખી થવાનું

## જન્મદિને વધામણી



જશોદાબેન ચંદુલાલ જોષી
મો. ૯૪૨૭૭૧૪૨૫૬

# જયંતીલાલ મકવાણા લિખિત નવલકથા 'પરણેતરની પ્રીત'નું લોકાર્પણ સોમવારે

## ગાંધીનગર સ્થિત લેખકના ચોથા પુસ્તકનું લોકાર્પણ ડૉ. કેશુભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય અને વાર્તાકાર જયંતીલાલ મકવાણાના ચોથા પુસ્તક 'પરણેતરની પ્રીત'નું લોકાર્પણ સોમવારે યોજવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ નટવર હેડાઉ અને પૂર્વ પ્રમુખ ભરત કવિએ જણાવ્યું છે કે સોમવાર, તા. ૨૬ જૂનના રોજ સવારે ૯.૩૦ કલાકે ડૉ. આંબેડકર ભવન, સૅક્ટર-૧૨, ગાંધીનગર ખાતે આયોજિત આ લોકાર્પણ સમારોહમાં પુસ્તક વિમોચનકાર તરીકે સાહિત્યકાર, નવલકથાકાર ડૉ. કેશુભાઈ દેસાઈ, મુખ્ય મહેમાન તરીકે આ પુસ્તક જેમને અર્પણથયું છે તે લીંબડીના રહેવાસી સાહિત્યકાર વિષ્ણુકુમાર મહેતા, અતિથિવિશેષ તરીકે સુરેન્દ્રનગરના વાર્તાકાર તલકશીભાઈ પરમાર અને લીંબડીના કવિ, લઘુકથાકાર ચંદ્રકાન્ત નિર્મલ ઉપસ્થિત રહેશે.

## ભાવનગર જિલ્લાના કર્મઠ શિક્ષક સ્વ. ગોરધનભાઈ રાઘવજીભાઈ કોશિયાના જીવન સંસ્મરણોને ઉજાગર કરતા

# 'સંસ્કારોનો દસ્તાવેજ' ગ્રંથનું વિમોચન

ગાંધીનગર, તા. ૨૨

ભાવનગર જિલ્લાના કર્મઠ અને આજીવન શિક્ષક સ્વ. ગોરધનભાઈ રાઘવજીભાઈ કોશિયાએ ચોગઠ વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે આપેલા અવિષ્મરણિય પ્રદાન અને એમના જીવન સંસ્મરણોને શબ્દ સ્વરુપે રજૂ કરતા 'સંસ્કારોનો દસ્તાવેજ' ગ્રંથનું તાજેતરમાં સુરત ખાતે વિમોચન કરવામાં આવ્યું હતું. મહામંડલેસ્વર સ્વામી શ્રી જગદીશાનંદસાગર ની નિશ્રામાં યોજાયેલા આ કાર્યક્રમમાં સુરતના અગ્રણી ઉદ્યોગપતિ ગોવિન્દભાઈ ધોળકિયા, શોક્ષણ રાજ્ય મંત્રીશ્રી નાનુભાઈ વાનણી, પૂર્વ આરોગ્યમંત્રીશ્રી અને અગ્રણી વિચારક જયનારાયણભાઈ વ્યાસ, વીર નર્મદ યુનિવર્સિટીના



ઉપકુલપતિ ડૉ. દક્ષેશ ઠાકર, પૂર્વ માધ્યમિક શિક્ષણ બોર્ડના પૂર્વ અધ્યક્ષ અર્જુનભાઈ ગોપાણી, ઉદ્યોગપતિ દાસમામા ઉપસ્થિત રહ્યા હતા. મહામંડલેસશ્વર સ્વામીશ્રીએ સ્વ. ગોર્ધનભાઈને સંસારમાં રહીને મહાત્મા સમું સાદુ-સરળ અને ઉપદેશાત્મક જીવન જીવનાર વિરલ વ્યકિત ગણાવ્યા હતા. એમણે એમની ધર્મ પ્રત્યેની આસ્થાને ઉચ્ચ કોટીની ગણાવી હતી. સાથે સાથે શિક્ષણને પોતાનો સાચો ધર્મ માનીને પ્રત્યેક બાળકને એકસમાન ગણી એને શિક્ષિત કરવાની એમની ગજબની ધગશ જ એમને શ્રેષ્ઠ બનાવતી હતી તેમ પણ તેમણે કહ્યું હતું. મંત્રીશ્રી નાનુભાઈ વાનાણીએ પ્રાસંગિક પ્રવચનમાં ગોરધનભાઈને શ્રેષ્ઠ શિક્ષક ગણાવ્યા હતા.

કાર્યક્રમના અંતે કીનોટ સંબોધન કરતાં પ્રખર વિચારક શ્રી જયનારાયણભાઈ વ્યાસે સ્વ. ગોરધનભાઈના જીવનના અનેક પ્રસંગોને યાદ કરીને ગોરધનભાઈએ ચોગઠ ગામમાં આપેલી શિક્ષણ-સેવાની પ્રવૃતિઓને ભારોભાર બિરદાવી હતી.

'સંસ્કારોના દસ્તાવેજ' પુસ્તકના સમ્પાદક અને ડોક્યુમેન્ટરી ફિલ્મના નિર્માતા ઉત્તમ એન. મેવાડાએ પુસ્તક અને ફિલ્મ નિર્માણ અંગેની વિગતો રજૂ કરી હતી. આ પુસ્તક તૈયાર કરવામાં સ્વ. ગોરધનભાઈના ૩૫ જેટલા સ્નેહીઓ, વિદ્યાર્થીઓ અને સ્વજનોએ એમના વિચારો લેખ સ્વરુપે વ્યક્ત કર્યા છે. આ ગ્રંથ દરેક શિક્ષક માટે એક સંદર્ભ ગ્રંથ બની રહેશે.

ચોગઠ ગામના સરપંચ દેવરાજભાઈએ સ્વ. ગોર્ધનભાઈના શિક્ષણ યજ્ઞમાંથી પેદા થેયેલી નવી પેઢીના યુવાન શિક્ષકો એમના શિક્ષણ સંસ્કાર અને ઉચ્ચ પ્રણાલિઓને પોતાના જીવનમાં ઉતારીને શિક્ષક બનેલા ઘણાય યુવાનો એમની શાળાઓમાં ખૂબ જ ઉમદા શિક્ષણકાર્ય કરી રહ્યા છે તે ગોરધનભાઈની શિક્ષક તરીકેની સફળતાનો સૌથી મોટો માપદંડ છે.

કાર્યક્રમના પ્રારંભમાં ભૈરવી હેમંત કોશિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું અને ડો. હેમંત જી. કોશિયાએ આભારવિધિ કરી હતી.

# સૅક્ટર-૨૮/૧ સરકારી પ્રાથમિક શાળા ખાતે પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૨

સૅક્ટર-૨૮/૧ સરકારી પ્રાથમિક શાળા ખાતે પ્રવેશોત્સવની ઉજવણી ગુરુવારે કરવામાં આવી હતી અને નવા વિદ્યાર્થીઓને ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે આયોજિત સમારોહના મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગર વિસ્તારના ધારાસભ્ય અશોકભાઈ પટેલ અને મધ્યાહ્ન ભોજન યોજનાના પ્રાથમિક શિક્ષણાધિકારી દિનેશભાઈ કલસરિયા ઉપસ્થિત રહ્યા હતા.

મોટી સંખ્યામાં વાલીઓ અને ઍસઍમસીના સભ્યોએ ઉપસ્થિત રહી આ સમગ્ર કાર્યક્રને સફળતા બક્ષી હતી.

કાર્યક્રમના અંતે વૃક્ષારોપણ અને બાળમેળાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
ટ્યુબલાઈટ
૧.૩૦, ૪.૩૦
૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨**
ટ્યુબલાઈટ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૪**
રાબતા
૧૨.૪૫
બાહુબલિ-૨
૩.૪૫
હિન્દી મીડિયમ
૭.૦૦
કરસનદાસ પે ઍન્ડ યુઝ
૯.૩૦

**સ્ક્રીન-૫**
ટ્યુબલાઈટ
૧૧.૩૦, ૨.૩૦, ૮.૩૦

**સ્ક્રીન-૬**
ટ્યુબલાઈટ
૫.૩૦
હિન્દી મીડિયમ
સવારે ૧૦.૦૦
રાબતા
૧૨.૪૫

# સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૬ ખાતે પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૨

સરકારી પ્રાથમિક પગાર કેન્દ્ર શાળા, સૅક્ટર-૬ ખાતે ગુરુવારે પ્રવેશોત્સવની ઉજવણી ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી.

આ પ્રસંગે ગુડાના ચૅરમૅન આશિષભાઈ દવે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. લક્ષ્મીનારાયણ સેવા મંડળ દ્વારા ધોરણ-૧થી ૮ના વિદ્યાર્થીઓને નોટબૂક્સ, ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા સચિવની ગ્રાન્ટમાંથી દફ્તર, વૉર્ડ નં. ૭ના નગરસેવક રાકેશ પટેલ તરફથી ધોરણ-૧નાં બાળકોને પાટી, પેન, નોટબૂક, અક્ષરપુરુષોત્તમ સંસ્થા દ્વારા ધોરણ-૩થી ૮માં પ્રથમ ત્રણ ક્રમે ઉત્તીર્ણ થનારા વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત શાળાનાં મદદનીશ શિક્ષકોએ બાળકોને તિથિભોજન આપ્યું હતું. કુલ મળીને ૩૫ હજારનું દાન આ પ્રસંગે મેળવવામાં આવ્યું હતું અને આંગણવાડીનાં બાળકોને પણ પ્રવેશ આપવામાં આવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થી પ્રિયંકા અને શાહીદ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત શાળા ખાતે ધોરણ-૧થી ૫ના વિદ્યાર્થીઓ માટે બાળમેળો અને ધોરણ૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે જીવન કૌશલ્ય મેળો યોજવામાં આવ્યો હતો. ભાજપ શહેર પ્રમુખ મહેન્દ્રભાઈ, જિલ્લા શિક્ષણ નિરીક્ષક ભરતભાઈ ગઢવી, નગરસેવક ઊર્મિલાબેને આ પ્રસંગે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# ઉપભોગ, સંજોગ, રોગની સાથે વૈશ્વિક યોગ મહત્તા




પ્રત્યેક સજીવને જીવનની જિજિવિષા અવશ્ય રહેતી હોય છે, જીવવું એ બધાંની પસંદ સહજ રીતે કુદરતની દેન હોય છે - ચાહે સંઘર્ષ વિપુલ કેમ ના હોય. છતાં જીવવું ગમે છે. જીવન એકધારું અને રસ-કસ વિનાનું બને નહીં એ હેતુથી ઈશ્વરની આ સૃષ્ટિમાં સંખ્યાબંધ સમસ્યાની ગૂંથણી-જડતર કામ પણ થયેલું છે. પ્રશ્નો છે તો જવાબોની શોધમાં જીવન વહેતું રહે છે. જો કોઈ પ્રશ્ન જ નથી તો જીવન વાસ્તવમાં મોટી સજા બની જાય છે. કુદરતની આ સૃષ્ટિમાં લાખો પ્રકારના જીવો જન્મે છે, વિકસે છે અને લુપ્ત થઈ જાય છે એ કુદરતી ચક્ર પૃથ્વી ઉપર અવિરત ચાલતું રહે છે. જીવવું અને જીવન ચાહવું એ બંને એકસાથે વહે ત્યારે કર્મનિષ્ઠાનો જન્મ થાય છે. જિજિવિષા અને વિજિવિષાનાં તત્ત્વો માનવસમાજને દોડતો-ધબકતો રાખે છે. જીવનને જોવાની દૃષ્ટિ પરથી વ્યક્તિની પરખ થતી હોય છે. આ યુગમાં આર્થિક સંકડામણ પારાવાર છે તેમ છતાં જીવનને ભોગવી લેવાની તાલાવેલી ભરપૂર માત્રામાં છે અર્થાત ઉપભોગ કરવો એ સૌનું સમાન લક્ષ્ય છે, પછી આર્થિક સક્ષમતા હોય કે ના હોય! સમાજની ભોગવાદની ભૂખ પ્રતિદિન વધતી જાય છે અને નવા યુગની જીવન શૈલીમાં સુખ દેવાની વાત નથી પણ ઝૂંટવી લેવાની વિચારધારા દોડી રહી છે એટલે જ સંજોગથી સૃષ્ટિ વિકૃત થઈ રહી છે! બીજાના સુખમાં પોતાનું સુખ છૂપાયેલું છે તે વાત ઝટ ગળે ઉતરતી નથી કે સુખ વહેંચવાની ઘટના હોય તે સ્વીકાર્ય થતું નથી. વળગણ જીવતરનો નાશ કરે છે એ પછી નશો હોય કે સત્તા હોય કે વ્યક્તિ થકી ઉત્પન્ન બાબત હોય. ભારતના બહુધા મોટાં રાજ્યોમાં નશાખોરીનું સામ્રાજ્ય પ્રસરી ચૂક્યું છે અને યુવાવર્ગ ત્યાં જીવનને નષ્ટ કરી રહ્યા છે. બળતામાં ઘી હોમે છે ઈન્ટરનેટ આધારિત ઉપકર્ણો જેથી ભોગવાદનો અગ્નિ અંતે રોગી સમાજનું સર્જન કરે છે. યુદ્ધમાં નથી મરતા એટલા માનવો જૂદા-જૂદા નશાથી, રોગથી, વિકૃતિઓથી મરતા જાય છે. આ હાનિ પ્રથમ દૃષ્ટિએ દેખાતી નથી.

જગજાહેર વાત એ છે કે સીમા પારથી નશીલાં દ્રવ્યો પંજાબ, રાજસ્થાન અને ગુજરાતમાં આવી રહ્યાં છે. મેગા સિટી કલ્ચરમાં નશો જાણે કે સ્ટેટસ સિમ્બોલ બની ગયો છે. એનાથી માનસિક વિકૃતિઓ જન્મ લે છે, જેથી બળાત્કાર, ઉત્પીડન, શોષણનો વ્યાપ વધી જાય છે. ટૂંકમાં કહીએ તો ભારતની સ્થિતિ પ્રતિદિન અંદરથી કૃષ થતી જાય છે. દેશ રોગીષ્ટ શા માટે બને છે? પ્રથમ, અપૂરતી આવક-કુપોષણ. બીજું, વધતો ઉપભોગ-વધતી જાતિયતાની ભૂખ. ત્રીજું, નશાખોરીમાં વૃધ્ધિ. ચોથું, માનસિક તણાવ, ભય અને અસલામતીની લાગણી. આ બધાંના લીધે ઉપરાંત ઝડપથી શ્રીમંત થવા દવા-કેમિકલનો વિવિધ ઉત્પાદનોમાં ઉપયોગ કરવાની પ્રથા સતત વધી રહી છે. શાકભાજી, ફળો, ઘી, દૂધ, ચોખા - બધું જ ભેળસેળિયું અને બનાવટી. હવે વિચારો કે સમાજ જાય તો ક્યાં જાય? માણસ જ માનવજાતનો પ્રથમ ક્રમનો દુશ્મન બની ગયો છે. ઉગ્રવાદ, આતંકવાદ, ભોગવાદમાં હવે વિશ્વનો નવો કારબાર જાણે કે શરૂ થઈ ગયો છે, જેમાં વિશ્વનાં ટોચનાં રાષ્ટ્રો પોતાનું આર્થિક હિત જુએ છે. ભોગ અને રોગ સતત વૃધ્ધિ પામતા થયા છતાં બાબા રામદેવજીએ આપણી પરંપરાને વિશ્વસ્તરે નવી ઊંચાઈ આપી યોગના વિસ્તરણ દ્વારા...

યોગ આપણી વૈદિક પરંપરા છે. જિમ્નેશિયમમાં જઈને તનને સુદ્રઢ કરી શકાય, મનને નહીં. તન અને મનને એકસમાજ તરોતાજા રાખવા યોગથી ઉત્તમ કંઈ જ નથી. યોગ કોઈ ધાર્મિક કે સાંપ્રદાયિક ખ્યાલ નથી. એ એક આધ્યાત્મિક વિજ્ઞાન છે. યોગ થવો કઠિન છે પણ થાય એટલે રોગ અને ભોગ ઉપરથી માનવી ઈશ્વરની સરહદમાં આનંદ જેવી લાગણી મહેસૂસ કરી શકે છે. તનની ક્રિયાઓ યોગના વિવિધ આસનો અને ધ્યાન એ મનને અંકુશિત કરવાનું મુખ્ય સાધન છે. મન જીત્યું એટલે એ વ્યક્તિએ જગત જીત્યું ગણાય. યોગને પૂરી દુનિયાએ સ્વીકૃતિ આપી છે એ આપણા દેશ માટે ગૌરવની બાબત છે. યોગદિન મનાવવામાં આવે એ ઘણું સહજ છે પરંતુ આ તબક્કે ભગવાન શ્રીકૃષ્ણે જે વાત કરી તે પણ ધ્યાને લેવા જેવી છે. જેમકે પોતાના કાર્યમાં કુશળતા પ્રાપ્ત કરવી એ પણ યોગ છે. બીજાના સુખમાં જ સ્વયંનું સુખ હોય છે. ભોગથી વિનાશ ઊભો થાય છે. અને યોગી નહીં થાવ તો ચાલશે, પણ ઉપયોગી થવું આવશ્યક છે.

આ મતલબની મુકુલ ચોક્સીની સુંદર રચના માણીએ -

વહેલી સવારે સારું વિચારું
એ યોગ છે,
બોલું ન કોઈ માટે નઠારું
એ યોગ છે.
પોતાની ભૂલ માટે તરત
માફી માગી લઉં;
બીજાની ભૂલ પણ હું સુધારું
એ યોગ છે.
આસન જો અટપટાં
નહીં કરશું તો ચાલશે,
મહેનત કરી વજનને ઉતારું
એ યોગ છે.
મારા ગણીને સૌને પુકારું
એ યોગ છે,
આનંદથી ઘરે હું પધારું
એ યોગ છે.
વહેંચું બધુંય કિંમતી મારું
એ યોગ છે,
માગુ નહીં જે છે તારું,
એ યોગ છે.



# એસ જી સ્કૂલમાં યોગ દિવસ નિમિત્તે યોગ શિબિરનું આયોજન કરાયું



એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં યોગદિન નિમિતે વિદ્યાર્થી અને શિક્ષકો માટે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન ગતિબેન દ્વારા કરવામાં આવ્યું હતું.